# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ** **તા. ૦૭.૦૮.૨૦૧૭**

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની અધ્યક્ષતામાં પ્રદેશ કાર્યાલય ''શ્રીકમલમ્'' ખાતે પક્ષના ધારાસભ્યશ્રીઓની સવિશેષ બેઠક યોજાઇ.**

----------

**પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, કેન્દ્રીય મંત્રી શ્રીમતિ સ્મૃતિબેન ઇરાની, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલ, પૂર્વ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ, ભાજપાના તમામ ધારાસભ્યશ્રીઓ તેમજ પ્રદેશ ભાજપાના આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા.**

----------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાના જણાવે છે કે, આજ રોજ પ્રદેશ કાર્યાલય ''શ્રીકમલમ્'' ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની અધ્યક્ષતામાં પક્ષના ધારાસભ્યશ્રીઓની સવિશેષ બેઠક યોજાઇ હતી.

પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઇરાની, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલ, પૂર્વ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ, મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ પ્રદેશ પ્રમુખ શ્રી આર. સી. ફળદુજી, ભાજપાના રાજયસભાના ઉમેદવાર શ્રી બળવંતસિંહ રાજપુત, ભાજપાના તમામ ધારાસભ્યશ્રીઓ તેમજ પ્રદેશ ભાજપાના આગેવાનશ્રીઓ આજની આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્ય અને વંદે માતરમ્‌ના ગાન સાથે આજની આ બેઠકનો પ્રારંભ કરાયો હતો. બેઠક પ્રારંભ કરતા પહેલા અતિવૃષ્ટિના ભોગ બનેલા મૃતકોને બે મિનીટ મૌન પાળીને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યુ હતુ કે, અતિવૃષ્ટિ અસરગ્રસ્ત વિસ્તારોમાં સેવા આપ્યા પછી આજે ભાજપાના તમામ ધારાસભ્યશ્રીઓ પ્રદેશ કાર્યાલય ''શ્રીકમલમ્'' ખાતે ઉપસ્થિત રહ્યા હતા. આજની આ બેઠકમાં આવતીકાલે ૮ ઓગષ્ટના રોજ યોજાનાર રાજ્યસભાની ત્રણ બેઠકો માટેની ચૂંટણીના નિયમો અંગેનું માર્ગદર્શન પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવ્યુ હતુ.

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યુ હતુ કે, તા. ૮ અને ૯ ઓગષ્ટે ગુજરાત વિધાનસભાનું એક વિશેષ સત્ર પણ મળનાર છે ત્યારે, વિધાનસભા સત્ર અગાઉ ધારાસભ્યશ્રીઓ સાથેની આ બેઠક સવિશેષ છે.

શ્રી પંડ્યાએ અંતમાં જણાવ્યુ હતુ કે, આવતીકાલે તા. ૮મી ઓગષ્ટના રોજ યોજાનાર રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપાના ત્રણેય ઉમેદવાર રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ, કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઇરાની અને શ્રી બળવંતસિંહ રાજપૂતનો વિજય નિશ્ચિત છે.

**(ડૉ. હર્ષદ પટેલ)**
**મીડીયા વિભાગ**